# ગુજરાતીલેક્સિકોન અને ભગવદ્ગોમંડલ

## રજૂઆત – મૈત્રી શાહ

# સત્ર વિશેની ભૂમિકા


- ગુજરાતીલેક્સિકોન વિશે
- ગુજરાતીલેક્સિકોનની વેબસાઇટ વિશે
- ગુજરાતીલેક્સિકોનની ડેસ્કટોપ એપ્લિકેશન વિશે
- ભગવદ્ગોમંડલ વિશે
- કોના માટે ઉપયોગી
- શું લાભ મળે







**www.gujaratilexicon.com**

## Gujaratilexicon's Desktop Application




**www.bhagwadgomandal.com**


Numbers of Visitors : 12322268
What's New
Dictionary | Opposites | Thesaurus | Idioms | Proverbs | Phrases | Alliances | Newsroom | FAQs
gujaratilexicon.com Beta
Ratilal Chandaria's Gujarati Language Resources
Classic
About Us
Gujaratilexicon
GL Special
Literature
Games
Donate
Newsroom
Search Dictionary
Dictionary
Opposites
Thesaurus
Idioms
Proverbs
Phrases
SUBMIT
SUGGEST A WORD
English to Gujarati
Gujarati to Gujarati
Gujarati to English
Hindi to Gujarati NEW
Subscribe for Word of the day
Subscribe for Quote of the day
Quote of the day
Downloads
GUJARATILEXICON SOFTWARES
We Can Help You
USING GUJARATILEXICON
Donate
FOR MORE RELIABILITY
Kids Corner
feedback

# ગુજરાતીલેક્સિકોન વિશે



- ગુજરાતીલેક્સિકોનના સ્થાપક 90 વર્ષના યુવાન શ્રી રતિલાલ ચંદરયા
- શ્રીમતી ધીરુબહેન પટેલના હસ્તે વર્ષ 2006માં સાઇટનું લોકાર્પણ
- ગુજરાતીભાષાનો સર્વપ્રથમ ઓનલાઇન શબ્દકોશ
- 45 લાખથી પણ વધુ શબ્દોનો સમાવેશ
- અંગ્રેજી – ગુજરાતી, ગુજરાતી – અંગ્રેજી, ગુજરાતી – ગુજરાતી, હિન્દી – ગુજરાતી શબ્દકોશ ઉપરાંત ગુજરાતી વિરુદ્ધાર્થી શબ્દકોશ, રૂઢિપ્રયોગો, કહેવતો, શબ્દસમૂહ માટે એક શબ્દ, પર્યાયવાચી શબ્દોનો પણ સમાવેશ
- ઓનલાઇન માહિતીનો રસપ્રદ ખજાનો

# ગુજરાતીલેક્સિકોનમાં સમાવિષ્ટ સ્રોતની આંકડાકીય માહિતી

- અંગ્રેજી – ગુજરાતી શબ્દકોશ – **૬૩,૬૮૦** શબ્દો
- ગુજરાતી – અંગ્રેજી શબ્દકોશ – **૪૮,૯૦૫** શબ્દો
- ગુજરાતી – ગુજરાતી શબ્દકોશ – **૫,૨૬,૨૨૫** શબ્દો
- હિન્દી – ગુજરાતી શબ્દકોશ – **૩૭,૯૯૧** શબ્દો
- રૂઢિપ્રયોગ – **૨૧,૭૮૩** શબ્દો
- કહેવત સંગ્રહ - **૧૫,૨૯૮** શબ્દો
- શબ્દસમૂહ માટે એક શબ્દ – **૪,૭૫૮** શબ્દો
- પર્યાયવાચી શબ્દો – **૬,૮૬૬** શબ્દો
- વિરુદ્ધાર્થી શબ્દકોશ – **૧૦,૪૫૮** શબ્દો

# ગુજરાતીલેક્સિકોન સાઇટનો ઉપયોગ કેવી રીતે કરવો

સૌ પ્રથમ એ નક્કી કરો કે તમારે કઈ ભાષા માટેના શબ્દનો અર્થ જાણવો છે ત્યારબાદ તે શબ્દકોશનો વિકલ્પ પસંદ કરો

અહીં ચાર શબ્દકોશ વિકલ્પ આપવામાં આવેલા છે

1 અંગ્રેજી – ગુજરાતી શબ્દકોશ

2 ગુજરાતી – અંગ્રેજી શબ્દકોશ

3 ગુજરાતી – ગુજરાતી શબ્દકોશ

4 હિન્દી – ગુજરાતી શબ્દકોશ




ઉદાહરણ તરીકે આપણે કોઈ અંગ્રેજી શબ્દ લઈએ

જેમ કે, **'difference'** આ શબ્દનો ગુજરાતી અર્થ જાણવા માટે નીચે જણાવ્યા પ્રમાણે કરો



જ્યારે **Submit** બટન ઉપર ક્લિક કરવામાં આવશે ત્યારે નીચે મુજબનું પૃષ્ઠ ખુલશે



- આમ, અહીં જોઈ શકાય છે કે જે શબ્દ માટે આપણે સર્ચ આપીશું તે શબ્દનો ફક્ત અર્થ જ નહીં પરંતુ તે શબ્દનો ઉચ્ચાર એટલે કે Pronunciation, તેનું વ્યાકરણ એટલે કે Type અને અર્થ એટલે કે Meaning પણ જોવા મળશે
- આ જ રીતે ગુજરાતી – અંગ્રેજી કે ગુજરાતી – ગુજરાતી શબ્દકોશ વિભાગમાંથી કે અન્ય કોઈપણ વિભાગમાંથી કોઈપણ શબ્દ માટે અર્થ કે અન્ય કોઈપણ માહિતી શોધી શકાય છે
- આ ઉપરાંત કોઈ પણ શબ્દનો અર્થ શોધવા માટે સર્ચ માટેના ચાર વિકલ્પો આપવામાં આવેલ છે જેમકે **Word Like, Exact Phase Like, Any Word or Phase Like અને Words With Similar Prass**
- **Words With Similar Prass** સમજવા માટે એક ગુજરાતી શબ્દનું ઉદાહરણ લઈએ

- **Word With Similar Prass** સમજવા માટે આપણે સૌ પ્રથમ ભાષા વિકલ્પ પસંદ કરવો પડે
- ત્યારબાદ સર્ચ માટેના જે ચાર વિકલ્પો આપવામાં આવ્યા છે તેમાંથી **Words With Similar Prass** વિકલ્પ પસંદ કરો
- હવે સર્ચ વિભાગમાં કોઈપણ શબ્દ લખો જેમ કે **"કાશ"**
- **કાશ** લખીશું તો આપણને એવાં શબ્દોની યાદી બતાવશે કે જેનો છેલ્લો શબ્દ કાશ આવતો હોય
- આ અંગેની સચિત્ર રજૂઆત આગળની સ્લાઇડમાં આપવામાં આવેલી છે

## Dictionary

English to Gujarati | Gujarati to Gujarati | Gujarati to English | Hindi to Gujarati

કાશ

SUBMIT

SUGGEST A WORD

Words With Similar Prass ☐ Show Keyboard ☑ Phonetic Keyboard

○ Gujaratilexicon ○ Bhagwadgomandal ◉ Both

અ

શબ્દ-સૂચી

- -સંકાશ
- અકાશ
- અંગારપ્રકાશ
- અભિસંકાશ
- અંત:પ્રકાશ
- અંત:પ્રકાશ
- અંતરાકાશ
- અતિપરવલીયઅવકાશ
- અધિકોત્સારીય અવકાશ

# -સંકાશ

| ક્રમાંક | વ્યુત્પત્તિ | વ્યાકરણ | અર્થ |
|---|---|---|---|
| 1 | [સં.] | વિ૰ | -ના જેવું; સરખું; સમાન (પ્રાય: બહુવ્રીહિ સમાસમાં અંતે) |


- કોઈપણ ગુજરાતી શબ્દ માટેનો અંગ્રેજી કે ગુજરાતી અર્થ શોધવા માટે સૌ પ્રથમ શબ્દકોશનો વિકલ્પ બદલવો પડશે. મૂળભૂત રીતે અંગ્રેજી – ગુજરાતી શબ્દકોશ વિકલ્પ આપવામાં આવેલ હોય છે
- જ્યારે આ વિકલ્પ બદલવામાં આવશે ત્યારે નીચે જણાવ્યા મુજબના વધારાના બે વિકલ્પો ખુલશે



- જ્યારે ભાષા વિકલ્પ બદલવામાં આવે છે ત્યારે **Show Keyboard** અને **Phonetic Keyboard** વિકલ્પ ખુલશે. મૂળભૂત રીતે **Phonetic Keyboard** આપવામાં આવેલ છે
- જો **Phonetic Keyboard** ને બદલે **Show Keyboard** વિકલ્પ પસંદ કરવામાં આવશે ત્યારે નીચે મુજબનું કીબોર્ડ ખુલશે



- **Show Keyboard**ની મદદથી તમે કોઈપણ શબ્દ ટાઇપ કરી શકશો
- ગુજરાતી – અંગ્રેજી કે ગુજરાતી – ગુજરાતી શબ્દકોશ વિભાગ કેવી રીતે કાર્ય કરે છે તે જોઈએ
- ઉદા. તરીકે આપણે પૃથ્વી શબ્દ લઈએ
- કોઈપણ કીબોર્ડની મદદથી ગુજરાતીમાં પૃથ્વી લખો અને **Submit** બટન ઉપર ક્લિક કરો




- **Submit** બટન ઉપર ક્લિક કરતાં નીચે મુજબનું જવાબ માટેનું પૃષ્ઠ ખુલશે



- ગુજરાતીલેક્સિકોનમાં શબ્દકોશ ઉપરાંત વિરુદ્ધાર્થી શબ્દો, રૂઢિપ્રયોગ, કહેવતો, શબ્દ સમૂહ માટે એક શબ્દ, પર્યાયવાચી શબ્દો ઉપરાંત સાહિત્ય વિભાગ અને રમત વિભાગ પણ આપવામાં આવ્યો છે
- આ ઉપરાંત ગુજરાતીલેક્સિકોનનો સમગ્ર સ્રોત સાઇટ ઉપર આવેલા ડાઉનલોડ વિભાગમાંથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાય છે



# ક્વિક ક્વિઝ અને ક્રોસવર્ડ



- ક્વિઝનો સીધો અને સરળ અર્થ છે – 'શબ્દ-કોયડો'
- તમારું ભાષાનું જ્ઞાન ચકાસવા તૈયાર થઈ જાઓ
- સરળ શબ્દોની શબ્દ-રમત અને અઘરા શબ્દોની શબ્દ-રમત
- કોઈ પણ ઉંમરની વ્યક્તિ રમી શકે છે
- દર અઠવાડિયે ગુજરાતીલેક્સિકોનની સાઇટ ઉપર નવો શબ્દ-કોયડો મુકાય છે
- રમો, રમાડો અને શબ્દ-ભંડોળ વધારો



# કિડ્ઝ કોર્નર



આપણાં ગુજરાતી બાળકો ગમ્મત સાથે જ્ઞાન આપતાં આપણાં લોકપ્રિય ઉખાણાંથી વંચિત થતાં જાય છે. બાળમાનસના ઘડતરમાં તેની વિશિષ્ટ ભૂમિકા પિછાણી ‘ગુજરાતીલેક્સિકોને’ તેના વપરાશકારોનાં સંતાન/બાળમિત્રો માટે અલાયદી કીડ્ઝ કોર્નર Kids Corner ( http://www.gujaratilexicon.com/game/kids-corner/ ) શરૂ કરી છે. હવે આપણે આપણાં બાળકોને પણ આ મીઠી શબ્દરમતમાં રસ લેતાં કરી શકીશું.

તેમાં ત્રણ વિભાગો છે. ગુજરાતીમાં લખતાં/ટાઇપ કરતાં ન આવડ્યું કે ફાવ્યું હોય તોય રમી શકાય તેવું તે સરળ છે.

આવો, આ તે ત્રણ વિભાગો વિશેની માહિતી જોઈએ.

- **વિભાગ 1 – ઉખાણાં (Ukhana Section)**
- **વિભાગ 2 – સામાન્યજ્ઞાનના પ્રશ્નો (General Knowledge Quiz Section)**
- **વિભાગ 3 – રમતો (Games - HangMonkey Section)**

# સરસ સ્પેલચેકર

- તમે ગુજરાતી ભાષામાં વપરાતી સાચી જોડણીથી માહિતગાર છો ?
- મૂંઝાવાની જરૂર નથી – તેનો ઉપાય છે – ‘સરસ સ્પેલચેકર’
- ફકત જોડણી જ સુધારે છે તેવું નથી; પણ તે શબ્દ સાથે સંલગ્ન બીજા શબ્દોનાં સૂચનો પણ આપે છે
- તમે તમારા શબ્દો પણ તેમાં ઉમેરી શકો છો
- હવે ગુજરાતીમાં લખવું એકદમ સરળ છે
- આવો, આજથી સાચી જોડણીમાં લખવાનો સંકલ્પ કરીએ

# Online Saras Spellchecker


Font family | Font size | English

Click on New Document button to clear existing contents. To use the GujaratiLexicon Online Spell Checker, either paste or type the text into the box and click on Spell check button. You can use Gujarati Keyboard to enter Gujarati Text.

હાલનાં લખાણને દૂર કરવા નવા દસ્તાવેજ પર ક્લિક કરો. ગુજરાતીલેક્સિકોન ઓનલાઇન સ્પેલચેકરનો ઉપયોગ કરવા માટે તમારું લખાણ અહીં લખો અથવા પેસ્ટ કરો અને જોડણીતપાસ બટન પર ક્લિક કરો. ગુજરાતી લખાણ લખવા માટે તમે ટૂલબારમાં આપેલા ગુજરાતી કી-બોર્ડનો ઉપયોગ કરી શકો છો.

આ ઉપરાંત બીજી ઘણી બધી સુવિધાઓ ગુજરાતીલેક્સિકોનની સાઇટ ઉપર ઉપલબ્ધ છે. જેમકે,

- સાઇટ અને તેના વિવિધ વિભાગો વિશેની માહિતી આપતાં વિવિધ વિડીયો
- રોજનો એક નવો સુવિચાર અને નવો શબ્દ તમે તમારા મેલમાં મેળવી શકો છો





- વર્ડમેપ – દુનિયાભરમાંથી કયા કયા દેશોમાંથી કઈ ભાષા માટે અને કયા શબ્દો શોધવામાં આવે છે તેની જાણકારી મળે છે



- ગુજરાતીલેક્સિકોનનું ગુગલક્રોમ વેબ બ્રાઉઝર માટેનું એક્સટેન્શન
- ગુજરાતીલેક્સિકોનની મોબાઇલ એપ્લિકેશન જે ટૂંક સમયમાં જ રજૂ થશે
- આંતરરાષ્ટ્રીય ભાષા જેવીકે જાપાનીઝ અને ચાઇનીઝ ભાષાના શબ્દોનો પણ સમાવેશ

(global.gujaratilexicon.com)



•આ ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠ, સીડેક, એચ.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ, વિકિપીડિયા સાથે જોડાણ

• ભાષામાં નવા ઉમેરાયેલા શબ્દોને એકત્રિત કરી તેને સાચવવા માટેનો પ્રયાસ એટલે **lokkosh.gujaratilexicon.com**ની રચના


• અત્યારસુધીમાં 920 જેટલા નવા શબ્દોનો લોકકોશમાં ઉમેરો

• ગુજરાતીલેક્સિકોનની 1 કરોડ 63 લાખથી પણ વધુ લોકોએ લીધેલી મુલાકાત

Lokkosh
Powered By gujaratilexicon

# ગુજરાતીલેક્સિકોનની ડેસ્કટોપ એપ્લિકેશન




ભગવદ્ગોમંડલ
Help FAQs
About Bhagwadgomandal | Media Room | Gallery | Get CD | Contact Us
Welcome !
Bhagwadgomandal is the biggest and the most prolific work in Gujarati. Visionary Maharaj Bhagvatsinhji of Gondal gifted the original Bhagwadgomandal to the world after 26 years of scientific and detailed work. This encyclopedic dictionary is a cultural milestone of Gujarati language.
Ratilal Chandaria's Gujaratilexicon Team has digitized Bhagwadgomandal and created its digital avatar. The aim is to showcase the richness of such an indispensable resource for experts and lovers of Gujarati language. It is a treasure of knowledge and every Gujarati's pride. Explore it!
Key Features
Cultural Landmark of Gujarati Language
Comprehensive, Scientific and Rich Treasure Of Knowledge
2.81 Lakh Words, 8.22 Lakh Meanings, 26 Years Of Devotion, 9200 Pages - All At Single Click Now
Indispensable Resource For Everyone
Available In Original Animated and Digital Form on Internet & CD
Fully Unicode
Free
ભગવદ્ગોમંડલ
'ભગવદ્ગોમંડલ' જેવા અદ્વિતીય જ્ઞાનકોશની ગુજરાતી પ્રજાને ભેટ ધરનાર ગોંડલનરેશ શ્રી ભગવતસિંહજીને ભાવપૂર્વક અર્પણ...
Search Digital Bhagwadgomandal
Word Like
Search
Top Searches
Showcase Words
Gujarati Matrimony
100% Free Gujarati Matrimony Register Free! Search, Chat & Marry
KirtasBooks.com
Rare & Hard to Find Books Digitize and Print on Demand
Academic Books & Journals
Full-text scholarly books, journals and more at Questia Online Library
Ads by Google
217884 Visitors Served
© 2009 Gujarati Lexicon | All Rights Reserved.
Powered by Gujarati Lexicon

# ભગવદ્ગોમંડલ




- ગુજરાતી ભાષાનો એકમાત્ર એન્સાઇક્લોપીડિયા
- ગુજરાતી ભાષાનો સાંસ્કૃતિક સીમા સ્તંભ
- ૨.૮૧ લાખ શબ્દો અને ૮.૨૨ લાખ અર્થ
- ચિત્ર અને ઉપયોગિતા સાથેની માહિતી
- ભગવદસિંહજી મહારાજની ૨૬ વર્ષની અખંડ સાધનાનું ફળ
- મફત ડાઉનલોડ કરવાની સુવિધા તેમજ સીડીમાં પણ ઉપલબ્ધ
- યુ. એસ. કૉન્ગ્રેસ લાયબ્રેરીના ઓનલાઇન કેટલોગમાં સમાવેશ

# વહાણ



| ક્રમાંક | વ્યુત્પત્તિ | વ્યાકરણ | અર્થ |
|---|---|---|---|
| | | વિ. | જહાજ; બારકસ; નાવ; મોટી હોડી; મછવો; નૌકા; તરણિ; તરી; નૌ; દરિયામાં મુસાફરી કરવા માટેનું મોટું સાધન. તેની જુદી જુદી જાતો છે. જૂના વખતમાં ઈજીપ્તના લોકો મોટા વહાણ બાંધનારા હતા. તેઓનાં વહાણો હલેસાં અને સઢથી ચાલતાં તથા ભૂમધ્ય અને રાતા સમુદ્રમાં ફરતાં. ચીના અને હિંદુઓ બીજા દેશ સાથે વધેલા વેપાર માટે પણ વહાણ વાપરતા. ૧૬મા સૈકા પછી વહાણના આકારમાં ઘણો ફેર પડવા માંડ્યો. હીરો નામના રાજાને માટે આર્કિમીડીઝે જે વહાણ બનાવ્યું હતું તે હાલના બાદશાહી વહાણોને ટક્કર મારે તેવું હતું. ૫૦ લશ્કરી બારકસો બંધાય તેટલું લાકડું તેમાં વપરાયું હતું. અંદર દરબારી ખાણાને માટે મોટા ઓરડાઓ હતા. મીઠા પાણીની માછલીઓ નાખી મૂકવાને ટાંકીઓ હતી. તબેલાઓ, નહાવાના ઓરડાઓ, સૂવા બેસવાના પોતાને તેમ જ દરબારીઓ માટે વિશાળ ઓરડા હતા. વળી વીનસદેવને અર્પણ કરેલું દેવળ પણ હતું. ઈ. સ. ૧૮૦૨ સુધી ઈંગ્લંડને સારૂ વહાણ ને લડાયક વહાણ હિંદુસ્તાનમાં બંધાતાં અને હિંદી વહાણ બાંધનાર પાસેથી ઈંગ્લંડ નકશા અને નમૂના ઉછીના લેતું. વહાણની ઘણી જાતો છે. જેમકે, (૧) મછવા (૨) પડાવ (૩) બતેલા (૪) ઢઉ અથવા બગલા (૫) દીંગી (૬) કોટીઓ (૭) ફતેમારી (૮) ગંજો (૯) નાવડી અથવા હોડી (૧૦) લોધીઆ. આ જાણીતી ૧૦ જાત ઉપરાંત બીજી ઘણી જાત થાય છે. જેમકે, (૧) વડસફર (૨) બેડી (૩) હોણા (૪) વેગડા (૫) સિલ્લા (૬) આવત્તા (૭) ખુરપા વગેરે. |

અ શબ્દો

ગાયત્રી
ગાયત્રી ઉપનિષદ
ગાયત્રી મંત્ર
ગાયત્રી મુદ્રા
ગાયત્રીજપ
ગાયત્રીતત્વ
ગાયત્રીપાઠ
ગાયત્રીપુરશ્ચરણ
ગાયત્રીવલ્લભ

# ગાયત્રી

| ક્રમાંક | વ્યુત્પત્તિ | વ્યાકરણ | અર્થ |
|---|---|---|---|
| ૧. | [ સં. ગયાત્રિન્ ] | પું. | ઉદ્ગાતા. |
| ૨. | | પું. | ( પિંગળ ) એ નામનો એક વર્ણમેળ છંદ. આ જાતના છંદના દરેક ચરણમાં ૬ અક્ષર આવે તેવી જાતના તનુમધ્યા, વિદ્યુલ્લેખા, વાણી, શશિવદના કે ચતુરંસ્ર, સોમરાજી, શેષા, વિ તિલકા, માલતી, કમલતા, મંથાન, વસુમતી અને સોમકુલ પ્રસિદ્ધ છંદ છે. |
| ૩. | | પું. | ( પિંગળ ) વૈદિક એકવીશ માંહેનો એક અક્ષરમેળ છંદ. આ છંદ ત્રણ ચરણનો હોય છે અ દરેક ચરણમાં આઠ આઠ અક્ષર હોય છે. તેના આર્ષી, દૈવી, આસુરી, પ્રાજાપત્યા, યાજુષ સામ્ની, આર્ચી અને બ્રાહ્મી એવા આઠ ભેદ છે અને તેમાં અનુક્રમે ૨૪, ૧, ૧૫, ૮, ૬, ૧૨, અને ૩૬ વર્ણ હોય છે. |
| ૪. | | સ્ત્રી. | ઈશ્વરરૂપ બ્રહ્મની પ્રાર્થનાનો એક વૈદિક મંત્ર: ૐ સચ્ચિદાનંદ, બ્રહ્મ સવિતૃ દેવનું વરેણ્ય ભર્ગ સ્મરીએ; બુદ્ધિ જે અમારી પ્રેરે ! આ ગાય મંત્ર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચારેય વેદમાં છે. આ મંત્ર સિવાય એકે ય મંત્ર એવો નથી કે જે ચારેય વેદમાં આવતો હોય. મૂળ આ મંત્ર ઋગ્વેદના ૩ જા |

ॐ भूर्भुवः स्वः। तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य
धीमहि। धियो यो नः प्रचोदयात् ॥

# કોના માટે ઉપયોગી

- ગુજરાતીભાષા શીખતા કે શીખવા માંગતા દરેક માટે ઉપયોગી
- ભાષા નિષ્ણાતોને પણ ઉપયોગી
- ભાષા અંગેના સંશોધનમાં સંકળાયેલ દરેક વ્યક્તિ માટે
- અનુવાદકો માટે
- વિદ્યાર્થી, લેખક, કવિ, સાહિત્યકાર, કમ્પ્યૂટર પ્રોગામર ઉપરાંત દરેક વ્યવસાય સાથે સંકળાયેલ દરેક વ્યક્તિને માટે ઉપયોગી

# શું લાભ મળે ?

- તમારું શબ્દભંડોળ વધે છે
- રોજ એક નવો શબ્દ જાણી શકાય છે
- વિવિધ શબ્દકોશો વસાવવાની ઝંઝટમાંથી મુક્તિ – બધું એક જ ક્લિકે
- સ્પર્ધાકીય પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને શબ્દ કે તેનો અર્થ જાણવા માટે સહાયક

# પ્રશ્નોત્તરી સમય (???????????)

- આ સત્રમાં આપને જે પણ માહિતી આપવામાં આવી તે અંગે કોઈપણ પ્રશ્ન હોય તો આપ વિના સંકોચ પૂછી શકો છો
- અમને તમારા પ્રશ્નોના ઉત્તર આપવા ગમશે
- સવાલ આપનો જવાબ અમારો

# આભાર :

ગુજરાત વિદ્યાપીઠ
ગુજરાતીલેક્સિકોન
ગુજરાતી વિકિપીડિયા
ગુજરાતી સાહિત્ય પરિષદ

કાર્તિક મિસ્ત્રી
કોનારક રત્નાકર
હર્ષ કોઠારી
રૂપલ મહેતા

આ કાર્યશાળા સાથે સંકળાયેલા આપ સૌનો અને સૌ પ્રોત્સાહકોનો આભાર !